ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરની એક શાળામાં સામુહિક રાજીનામા

## ટ્રસ્ટી મંડળની અનૈતિક માંગણીઓથી ત્રસ્ત ૨૧ શિક્ષકોએ રાજીનામા આપ્યા! : ગાંધીનગરની પાદરે સ્થિત ખાનગી શાળાના ટ્રસ્ટી મંડળથી શિક્ષકો ત્રાહીમામ વિદ્યાર્થીઓના ભાવિ સામે પણ પ્રશ્ન મંડરાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનરના પાદરે સ્થિત એક ખાનગી શાળાના ટ્રસ્ટી તેમજ મેનેજમેન્ટના સભ્યોની અસભ્ય વર્તણુંક અને અનૈતિક માંગણીઓથી ત્રસ્ત શાળાના ૨૧ જેટલા શિક્ષકોએ ટ્રસ્ટી મંડળને રાજીનામું ધરી દીધું છે. ટ્રસ્ટી મંડળ તેમજ તેમના સભ્યોની અણછાજતી વર્તણુંક અને હરકતોના લીધે શિક્ષકોએ સામુહીક રાજીનામા આપી પોતાનો પીછો છોડાવ્યો છે. આ ઘટનાના પગલે શૈક્ષણિક આલમમાં પણ ખળભળાટ મચી જવા પામ્યો છે.

હાઈટેક યુગમાં સ્પર્ધાત્મક બનતા આજના શિક્ષણને અનેક દુષણો ભરખી ગયા છે. આધુનિક શિક્ષણને ટેકનોલોજીએ નવી દિશા આપી છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેનો નાતો વધુ ફ્રેન્ડલી અને મજબૂત બનવાના બદલે મોટી ખાઈ અસ્તિત્વમાં આવી રહી છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય સામે પણ અનેક સવાલો મંડરાઈ રહ્યા છે. શૈક્ષણિક આલમમાં શિક્ષકોની સામે પણ અનેકવાર માંગણી ઉઠે છે. આવા સંજોગોમાં કયારેક શાળાના સંચાલકો જ શિક્ષકોની સાથે અભદ્ર વર્તણુંક અને અનૈતિક માંગણીઓ કરતા હોવાની ફરિયાદ ઉઠતા શિક્ષણ વ્યવસ્થાની ગુણવત્તા સામે પણ પ્રશ્ન મંડરાયો છે. ગાંધીનગરના પાદરે સ્થિત એક ખાનગી શાળામાં ટ્રસ્ટી મંડળ અને મેનેજમેન્ટના સભ્યો શિક્ષકોની સાથે મનસ્વી અને બિભત્સ વાણી વર્તણુંક દાખવતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. શાળાના ટ્રસ્ટી દ્વારા શિક્ષકો પાસે અનૈતિક માંગણીઓ કરી ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્રોશ શિક્ષકોએ વ્યકત કર્યો છે. શાળાના ટ્રસ્ટી મડંળની અમાનવીય વર્તણુંકના લીધે ૨૧ જેટલા શિક્ષકોએ સામુહિક રાજીનામા ધરી દેતા શિક્ષણ વર્તુળમાં પણ ખળભળાટ મચી જવા પામ્યો છે. આ સ્થિતિ વચ્ચે શાળાના વિદ્યાર્થીઓનું ભાવિ પણ જોખમમાં મુકાયું છે.



ગુજરાતની ઓળખસમા રણોત્સવનો પ્રારંભ સોમવારની સાંજે ઉલ્લાસપૂર્ણ માહોલમાં થયો. 'ધીંગી ધરા કચ્છની' સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત દ્વારા પ્રેક્ષકો મંત્રમુગ્ધ બન્યા હતા. ગાંધીનગરના જાણીતા કોરીયોગ્રાફર ભાવિન પટેલે સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમની કોરીયોગ્રાફી કરી નગરનું ગૌરવ વધાર્યું છે. ઘોરડો ખાતે સફેદ રણમાં રણોત્સવનો પ્રારંભ થયો છે. સળંગ ત્રણ મહિના ચાલનારા આ રણોત્સવનું આયોજન પ્રવાસન નિગમ દ્વારા કરવામાં આવ્યું છે. રણોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા 'ધીંગી ધરા કચ્છની' સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમની કોરીયોગ્રાફી ગાંધીનગરના જાણીતા કલાકાર શ્રી ભાવિન પટેલે કરી હતી. ૧૧૦ જેટલા કલાકારોએ તેમાં ભાગ લીધો હતો. શ્રી ભાવિન પટેલ અને તેમના ગૃપે કચ્છના સ્થાનિક કલાકારો સાથે આ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. જેને પ્રેક્ષકોએ મનભરીને માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમની સ્ક્રીપ્ટ મદનલાલ અંજારીયાએ તૈયાર કરી હતી તો પંકજ ઝાલાએ ડ્રામા, મીરા ઉપાધ્યાયે નૃત્ય અને જીતેન્દ્ર ઠક્કરે કોઓર્ડીનેટરની જવાબદારી સંભાળી હતી.

### ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરમાં છેલ્લા અઠવાડિયાથી પડી રહેલી ઠંડીમાં સહેજ ઘટાડો થયો છે. બુધવારે લઘુત્તમ તાપમાન થોડુંક વધ્યું હતું અને તે ૧૦.૨ ડિ.સે. નોંધાયું હતું. જયારે મહત્તમ તાપમાન ૩૦.૦ ડિ.સે. થયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૮૮ ટકા અને સાંજે ૫૦ ટકા રહ્યું હતું.
- ગાંધીનગરના કલેકટરશ્રી ડૉ. સ્વરૂપ રજા પર ઉતરી જતાં તેમનો ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેકવાનને અપાયો છે.
- ૨૨મી ડિસેમ્બરના રોજ અમદાવાદમાં યોજાયેલ હેરીટેજ વોકમાં ગાંધીનગર રોટરી કલબના સભ્યો જોડાશે.
- ૨૬મી જાન્યુઆરીએ ગાંધીનગર ટાઉનહોલમાં ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા રાજપૂતાણી સંમેલન યોજાયું છે.
- સોમવારે રાજયના તમામ પ્રાંત અધિકારી અને કલેકટરોની એક સંયુકત બેઠક અમદાવાદ ખાતે યોજવામાં આવી છે.
- દેશના બે મહત્વના રાજધાની શહેરો એક સાથે ઠંડીની ઝપેટમાં આવ્યા છે તે યોગાનુયોગ છે. દિલ્હી અને ગાંધીનગર ઠંડીથી થરથર કંપી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે ૨૬થી ૩૧ ડિસેમ્બર દરમિયાન કલ્યાણકારી કુટુંબકથાનું આયોજન કરાયું છે. જેમાં ચાર મુસ્લિમ પરિવારો પણ જોડાવાના છે.

## ગુડાના શુભ લાભ આવાસમાં લીફટ મુકાશે

ગાંધીનગર, તા.૧૮

ગુડાની શુભ લાભ આવાસ યોજનાને અનુલક્ષી લીફટ મુકવાનું આયોજન કરવામાં આવ્યું છે. આવાસ યોજનાના અરજદારો સંદર્ભે હજુ ડ્રોની પ્રક્રીયા હાથ ધરવાનું બાકી છે. જયારે લાભાર્થીઓને પુરતી સુવિધા પૂરી પાડવા હવે લીફટ મુકવા પણ આખરી આયોજન કરી દેવાયું છે.

**આવાસ યોજનાનું કામ ઝડપભેર પૂર્ણ કરાશે**

રાયસણ વિસ્તારમાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શુભ લાભ આવાસ યોજના તૈયાર કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આવાસ યોજનાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. ૩૬ ચો.મી.ના મકાનોની નમૂનારૂપ આવાસ યોજનાને લઈ ગુડા દ્વારા પુરતી સુવિધાઓ ઉપલબ્ધ કરવા તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યું છે. આવાસ યોજનાને અનુલક્ષી ફર્નીચિર સાથેનું સેમ્પલ હાઉસ પણ તૈયાર કરી દેવાયું છે.

બીજી તરફ આવાસ યોજના સંદર્ભે ૧૨૫૦ જેટલા અરજદારોએ અરજી સુપ્રત કરી છે. હાલ હજુ ગુડાના તંત્ર દ્વારા ફોર્મની ચકાસણીની કાર્યવાહી ચાલી રહી છે ત્યારે ડ્રોની પ્રક્રીયામાં હજુ વિલંબ થાય તેવી સંભાવના છે. ગુડા દ્વારા આ યોજનાને નમૂનારૂપ બનાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે શુભ લાભ આવાસ યોજનામાં ખૂટતી સુવિધાઓ ઉપલબ્ધ કરવા પણ તબક્કાવાર આયોજન થઈ રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આવાસ યોજનામાં લીફટ મુકવાનો નિર્ણય લેવાયો છે જયારે રહીશોને લીફટની સુવિધા મળી રહે તે માટે ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરી દેવાઈ છે. ટૂંકમાં જ ટેન્ડર આખરી થયા બાદ લીફટ મુકવાનું કામ પણ શરૂ કરી દેવાશે. અગાઉ ઉનાળા સુધીમાં અરજદારોને આવાસોનો કબજો સોંપી દેવાય તેવા પણ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

### કલ્ચરલ ફોરમ દ્વારા ૨૧મીએ કવિ સંમેલન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સાહિત્ય પર્વ અંતર્ગત ૨૧મી ડીસેમ્બરે ટાઉનહોલ ખાતે યુવા કવિઓનું કવિ સંમેલન યોજાયું છે. જેમાં ગુજરાતના તેજસ્વી યુવા કવિઓ ખલિલ ધનતેજવી, સૌમ્ય જોષી, હિતેન આનંદપરા, ભાવેશ ભટ્ટ, અનિલ ચાવડા અને તેજસ દવે પોતાની કૃતિઓ રજૂ કરશે. જ્યારે કવિ પ્રણવ પંડ્યા કવિ સંમેલનનું સંચાલન સંભાળશે. સાહિત્ય રસિકોને ગાંધીનગર સમાચાર કાર્યાલયથી નિમંત્રણ કાર્ડ મેળવવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## અમેરિકાના વિદ્યાર્થીઓ મુખ્યમંત્રી મોદીને મળ્યા

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતના મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાતે આવેલા અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના બિઝનેસ મેનેજમેન્ટના ૩૩ વિદ્યાર્થીઓના ડેલીગેશને નરેન્દ્ર મોદી સાથે ભારતના વિકાસનું તેમનું વિઝન, આંતરરાષ્ટ્રીય સંબંધો, શિક્ષણ અને મહિલા સુરક્ષા, યુવા સશક્તિકરણ અને ભ્રષ્ટાચાર-નિવારણ સહિતના વિવિધ વિષયો ઉપર પ્રશ્નોત્તરી કરીને મુખ્યમંત્રીના ચિતંન વિચારોથી ખૂબ જ પ્રભાવિત થયું હતું. ગુજરાતના ભ્રષ્ટાચારમુક્ત સરકારની પ્રતિષ્ઠા ધરાવતા વહીવટીતંત્ર પારદર્શિતા અને અસરકારક પરિણામો માટેની પ્રક્રિયા તથા નીતિવિષયક નિર્ણયો સાથે જાહેરજીવનનું નેતૃત્વ પુરૂ પાડવા માટે નરેન્દ્ર મોદી સાથે અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને રસપ્રદ પ્રશ્નો પૂછીને ભારતના આગામી દશ વર્ષના વિકાસ વિઝનમાં ગાંધીજીની દોઢસોમી જન્મજયંતિ અને આઝાદીના અમૃતપર્વ વિષયક સિમાચિન્હોની ભૂમિકા જાણી હતી.

## વર્ગ-૧ના અધિકારી IAS બનવા માટે હક્કદાર હશે


### અધિકારીઓ માટે પ્રોત્સાહનજનક નિતી : મોદીના નેતૃત્વમાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં નિર્ણય લેવાયો : ગુજરાતની વહીવટની કાર્યસંસ્કૃતિને નવો વળાંક

ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને આજે મળેલી ગુજરાત રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ગુજરાત સરકારની રાજ્ય સેવાઓમાંથી ભારતીય સનદી સેવા આઈએએસમાં પસંદગી માટેની ઉમદા, હેતુલક્ષી અને વ્યાપક ફલક ઉપર વધુ પારદર્શી વ્યવસ્થા અમલમાં મુકવાનો નિર્ણય નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજ્ય સરકારની સેવાઓના આશરે આઠથી નવ હજાર વર્ગ-૧ના સેવાઓમાં પ્રવેશ માટે હક્કદાર બની શકે એવા આ સ્તુત્ય નિર્ણયની ભૂમિકા પ્રવક્તા મંત્રી નાણાંમંત્રી નીતિન પટેલે આપી હતી. પ્રવક્તા મંત્રીએ જણાવ્યું કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના વહીવટની કાર્યસંસ્કૃતિને નવો મોડ આપવાની અનેકવિધ પહેલ કરી છે અને આજે મંત્રીમંડળની બેઠકમાં રાજ્ય સેવાઓમાંથી ભારતીય વહીવટી સેવાઓમાં પસંદગી માટેની આ હેતુલક્ષી અને પારદર્શી વ્યવસ્થા સમક્ષ અધિકારીઓ માટે વિશેષ પ્રોત્સાહક બની રહેશે. સમગ્ર ભારતમાં આ પ્રકારની હેતુલક્ષી અને પારદર્શી રાજ્ય સેવામાંથી ભારતીય સનદી સેવાઓમાં પસંદગીની પ્રક્રિયા અપનાવવાની પહેલ પણ ગુજરાત સરકારે જ કરી છે. તેમણે જણાવ્યું કે આ નવી વ્યવસ્થા અંતર્ગત વર્ગ-૧માં આઠ વરસની સેવા બજાવી હોય તેવા ગુજરાત વહીવટી સેવા જીએએસ સિવાયના રાજ્ય સેવાના વર્ગ-૧ના અધિકારીઓ સિલેક્શન ક્વોટાની આઈએએસની બઢતીવાળી જગ્યાઓમાં ખાલી પડનાર જગ્યા માટે સીધે સીધી, સામાન્ય વહીવટ વિભાગને અરજી કરીને ઉમેદવારી નોંધાવી શકશે.

અગાઉની પદ્ધતિ પ્રમાણે માત્ર સચિવાલય સંવર્ગના અધિકારીઓ, નાણાં વિભાગ અને સહકાર વિભાગ જેવા જૂજ વિભાગોના વર્ગ-૧ના અધિકારીઓને પસંદગીથી આઈએએસમાં નિયુક્ત થવાની તકો ઉપલબ્ધ થતી હતી, પરંતુ આ નવીન પદ્ધતિના અમલીકરણથી સરકારના અન્ય વિવિધ વિભાગો જેવા કે, માર્ગ અને મકાન વિભાગ, શિક્ષણ વિભાગ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ, નર્મદા, જળસંપત્તિ, કૃષિ અને સહકાર વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ વગેરે વિભાગોના વિવિધ સંવર્ગોના વર્ગ-૧ના અધિકારીઓને પણ પસંદગીથી આઈએએસમાં નિયુક્ત થવાની પૂરતી તકો ઉપલબ્ધ થશે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર



બેંક હડતાલ - બુધવારે બેંક અધિકારીઓ અને કર્મચારીઓની રાષ્ટ્રવ્યાપી હડતાલના પગલે કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહારો ઠપ થયા હતા. અમદાવાદ ખાતે બેંક કર્મચારીઓએ ભારે સૂત્રોચ્ચાર કરી દેખાવો યોજ્યા હતા. બેંકીંગ રિફોર્મ બીલનો વિરોધ કરવા તથા ઈન્ક્રીમેન્ટના મુદ્દે બેંક એમ્પ્લોઈઝ ફેડરેશન દ્વારા દેશ વ્યાપી દેખાવો કરાયા હતા.

## ગુડા નિર્મિત સ્મશાનનું સંચાલન ખાનગી સંસ્થાને સોંપવામાં આવશે

### સરગાસણના સ્મશાનને રુદ્રભૂમિ નામ અપાયું

ગાંધીનગર, તા.૧૮

સરગાસણમાં ગુડા નિર્મિત સ્મશાન રુદ્રભૂમિ અંતિમધામ તરીકે ઓળખાશે. સ્મશાનગૃહ તૈયાર થઈ ગયું હોવાથી સંચાલનની જવાબદારી ખાનગી સંસ્થાને સોંપવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં વિકાસના અનેકવિધ નવા કામોની સાથે આગામી દસકાઓને ધ્યાને લઈ માળખાગત સુવિધાની કામગીરી હાથ ધરવામાં આવી છે. કલીન સીટી અને ગ્રીનસીટીના કન્સેપ્ટને અપનાવી અદ્યતન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ ઉપરાંત વર્કીંગ વુમન હોસ્ટેલ, વિસામો અને લાઈબ્રેરી બનાવવા પણ તૈયારી શરુ કરી દેવાઈ છે. ગુડા વિસ્તારના રહેવાસીઓને પાણી, ગટર અને રસ્તાની પાયાની સુવિધા પુરી પાડવા પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. જયારે ન્યૂ ગાંધીનગરની જરુરીયાતને ધ્યાને લઈ સરગાસણમાં નવીન સ્મશાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્વજનોની અંતિમવિધિ માટે મુકિતધામમાં જરુરી તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. ગુડા નિર્મિત મુકિતધામને રુદ્રભૂમિ અંતિમધામ નામ આપવામાં આવ્યું છે. ગુડા દ્વારા હાલ મુકિતધામનું સંચાલન ખાનગી સંસ્થાને સોંપવા તજવીજ હાથ ધરવામાં આવી છે. આ મામલે હાથ ધરાયેલી પ્રક્રીયાના અંતે સંસ્થાને મુકિતધામના સંચાલનની જવાબદારી સોંપવામાં આવશે.

### જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર ભગવતીલાલ મોહનજી તેલી (મોદી) રહે. પ્લોટ નં. ૯૦૩/૧, સેકટર-૪ડી, ગાંધીનગરના વાળા તે જાહેર જનતાને આ ચેતવણી આપી જણાવીએ છીએ કે...



અમારા પુત્ર નામે મુકેશભાઈ ભગવતીલાલ તેલી જેલમાંથી બહાર આવેલ છે. અને તે અમારા કહેવામાં નથી. તથા દારૂ, જુગારના રવાડે ચડી ગયેલ હોઈ કોઈએ તેની સાથે કોઈપણ જાતનો નાણાકીય વ્યવહાર કરવો નહિ તથા મુકેશને અમોએ અમારી તમામ મિલકતમાંથી બેદખલ કરી દીધેલ છે. તથા તેના નામે કોઈપણ જાતની મિલકત નથી. જેથી કોઈપણ વ્યક્તિએ તેની સાથે કોઈપણ જાતનો વ્યવહાર કરશે તો અમારી કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી.

લી. ભગવતીલાલ તેલી

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (શંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
દિવાની ટાઈલ્સ
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર**

**ટેન્ડર નોટીસ નં. - ૪૯/૨૦૧૩-૧૪**

ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, અર્બન સેલ, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર (આઈડી નં. ૧૩૨૩૫૨) પોરબંદર જીલ્લાના રાણાવાવ શહેરની ભૂગર્ભ ગટર યોજના માટેના ટેન્ડરો અંદાજીત કિંમત રૂ. ૫૭૧૨.૬૮ લાખ માટે ઓનલાઈન માંગવામાં આવેલ છે. તા. ૧૩/૧૨/૨૦૧૩ પછી ટેન્ડરો ડાઉનલોડ કરી શકાશે. પરંતુ ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ ૧૫/૧/૨૦૧૪, ૧૮-૦૦ કલાક સુધી છે. પ્રી-બીડ કોન્ફરન્સની તા. ૨૩/૧૨/૨૦૧૩, ૧૫-૦૦ કલાકે રાખેલ છે. વધુ વિગતો નીચે મુજબની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. http://www.nprocure.com & http://gwssb.org

INF/1910/13-14

લીકેજ-મુક્ત ઘરો માટે
SEAL & DRY
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com